ગાંધીનગર સમાચાર

તા. ૧૬-૪-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### ત્રીજી જાતિને સ્વતંત્ર ઓળખ આપતી સુપ્રીમ

કુદરતના વહાલાદવલા એવા કિન્નરોને સમાજ યુગોથી હીણી નજરે જોતો રહ્યો છે. 'હીજડા' અને 'ફાતડા' કે 'કમાડિયા' જેવા અપમાનજનક શબ્દોથી નવાજતો રહેલો આ વ્યંઢળ નપુંસક સમાજની સતત ઉપેક્ષા થતી રહે છે. જન્મજાત ખામી સાથે અવતરતું બાળક મોટું થાય છે ત્યારે એક દિવસ એને ખબર પડે છે કે એ નથી તો પુરૂષ કે નથી સ્ત્રી. ઘરમાં જ એનો તિરસ્કાર શરૂ થાય છે. એને નકામો માની લેવાય છે. એની હાંસી ઉડાવતા સમાજ સામે એની પાસે તાબોટા પાડવા સિવાય બીજો કોઈ જ રસ્તો નથી રહેતો. આવી યૌન વિકૃતિ પાછળ શારીરિક વિકાસ પ્રક્રિયામાં રહી ગયેલી ખોટ કે ખોડ જવાબદાર હોય છે. શરીરે પુરૂષ દેખાતો માણસ અંદરથી સ્ત્રી જેવો હોય છે. એનામાં પ્રજનન શક્તિ હોતી નથી. એને 'બાયલો' કહી હડધૂત કરી દેવાતો હોય છે. અથવા કિન્નર સમાજની કોઈ અગ્રણી 'માસી' એની શિષ્યમંડળી સાથે આવી એને પોતાની ટોળીમાં વિધિવત્ સામેલ કરી દે છે. 'કિમ્ નરઃ?' શું આ પુરૂષ છે? - કિન્નરો માટે સમાજમાં હરહંમેશ નફરત જ રહ્યા કરી છે. જીવનભર આ 'નકામો' બની ગયેલો માણસ ભીખ માગતો ફરે છે, ચેનચાળા કરી લોકોનું મનોરંજન કરતો રહે છે. એ પણ આખરે છે તો માણસ જેવો માણસ જ. ફક્ત ઈન્દ્રિય છેદનને કારણે તે પોતાને બધા કામ માટે 'અનફિટ' ગણે છે. રજવાડાંના સમયમાં કિન્નરો રાણીવાસની ચોકી કરતા. અર્જુને ગુપ્તવાસ દરમિયાન બૃહન્નલા કિન્નરના વેશમાં વિરાટ નરેશની કુંવરી ઉત્તરાને નૃત્ય શીખવ્યું હતું. મહાભારતમાં શિખંડીનું પાત્ર કિન્નર છે. ભીષ્મને એની આડશ લઈને અર્જુન મારી શક્યો હતો. આ ત્રીજી જાતિ - વ્યંઢળ જાતિ માટે સમાજે આજ પર્યંત ક્યારેય ગંભીરતાપૂર્વક વિચાર્યું ન હતું. છેલ્લાં કેટલાંક વરસ દરમિયાન કિન્નરોએ એમનાં નાગરિક અધિકારો માટે ઝુંબેશ ઉપાડી લીધી. 'લક્ષ્મી'ના નામે જાણીતા લક્ષ્મીનારાયણ ત્રિપાઠી નામના કિન્નરે નેતાએ એની આત્મકથા લખાવી છે : 'મી હિઝડા આહે' મરાઠીમાં પ્રકાશિત થયા પછી ગુજરાતી ભાષામાં પણ કિશોર ગૌડે એનો સરસ અનુવાદ આપ્યો છે. કિન્નરોની દોજખથી પણ બદતર જિંદગીનો એમાં હૃદયદ્રાવક ચિતાર મળે છે. એક જનહિત યાચિકા (રીટ રિટીશન) અન્વયે નામદાર સર્વોચ્ચ અદાલતે આ કિન્નરોને એમના નાગરિક અધિકારો ઉપલબ્ધ કરાવવાનો આદેશ કરી યુગવર્તી ચુકાદો આપ્યો છે. દુનિયામાં પહેલી જ વાર આ મુદ્દા પ્રત્યે આટલા ઉચ્ચ સ્તરે ગંભીરતાપૂર્વક નોંધ લેવાઈ છે. એ ચુકાદા અન્વયે રાજયોની અને કેન્દ્રની સરકારોને તાકીદ કરવામાં આવી છે કે કિન્નરોને ત્રીજી જાતિ તરીકે અલગ વર્ગીકૃત કરી એમણે શિક્ષણ, આરોગ્ય અને રોજગાર વિષયક તમામ અધિકારો પછાત વર્ગના ધોરણે ઉપલબ્ધ કરાવવામાં આવે. આમ આપણા દેશનાં આશરે ત્રીસ લાખ જેટલા કિન્નરોને હવે સ્વમાનભેર અન્ય સામાન્ય નાગરિકોની જેમ સ્વમાનભેર જિંદગી જીવવાની તક મળશે. અત્યાર સુધી આ મુદ્દે કોઈ પણ સરકારે કયારેય ગંભીરતાપૂર્વક ધ્યાન જ નહોતું આપ્યું. દુખિયારા કિન્નરો સસ્તુ અંગપ્રદર્શન કરીને અને તાબોટા પાડીને લોકોનું મનોરંજન કરતા ફરતા. કોઈના ઘરે પુત્રજન્મ કે લગ્ન જેવો શુભપ્રસંગ હોય ત્યારે 'એ આલો માઈબાપ' માતાજી ભલુ કરશે' કહી એમનો વણલખ્યો ભાગ માગવા પહોંચી જતા. એમને 'ટાળવા' માટે, એમના ત્રાસથી કેડો છોડાવવા માટે ટ્રેનમાં મુસાફરી કરતા પ્રવાસીઓથી લઈ અવસર માંડી બેઠેલા પ્રતિષ્ઠિત સમાજમાં નાગરિકો લાંબી લપછપ કર્યા વગર પત્રંપુષ્પં આપી એમને રવાના કરી દેતા. આ કિન્નરોની એક આગવી 'ન્યૂસન્સ વેલ્યૂ' પણ ઊભી થઈ છે તો બીજી તરફ એમને કુદરતે કરેલ અન્યાય બદલ સમાજ એમને દયાની કે સહાનુભૂતિની દૃષ્ટિએ પણ જોતો રહ્યો છે. ગુનાહિત અન્ડરગ્રાઉન્ડ પ્રવૃત્તિઓમાં રાચતી અને મહંદશે વિકૃત સેક્સ-ગુદામૈથુનમાં પરોવાયેલી રહેતી આ ત્રીજી જાતિ એઈડ્સ જેવા મહાવિનાશક રોગની વાહક બની રહે છે. હવે જયારે સર્વોચ્ચ અદાલતે એની આ અનેકવિધ વિટંબણાઓની ઉચિત નોંધ લઈ એને શિક્ષણ અને નોકરીઓમાં અનામત સહિત અનેક લાભો આપવાનો આદેશ જાહેર કર્યા છે ત્યારે આગામી વર્ષો દરમિયાન આપણને કિન્નરો ઊજળા ધંધા-રોજગારમાં અને સરકારી પદો પર સ્વમાનભેર બિરાજમાન થયેલા જોવા મળે એવી અપેક્ષા જરૂર રાખી શકાય.

યોગાનુયોગ સર્વોચ્ચ અદાલતનો આ 'ગે' લોકોની માગણીઓનું સમર્થન કરતા આ ઉભયલિંગી કે લિંગ વગરનાં કમનસીબ જીવો વિશેનો ઐતિહાસિક સીમાચિહ્ન ચુકાદો માતા બહુચરના પ્રાગટય પર્વના શુભ દિવસે જ - ચૈત્રી પૂનમ પ્રસંગે જ આવ્યો છે. છૂટાછવાયા કિસ્સા લેખે દેશમાં કયાંક કિન્નર ધારાસભામાં પણ ચૂંટાયાના કે નગરપાલિકાના પ્રમુખપદે નિમાયાના સમાચારો સાંભળવા મળતા હતા. હવે જયારે દેશની સર્વોચ્ચ અદાલતે એમનો હાત ઝાલ્યો છે ત્યારે આ 'ત્રીજી જાતિ' પણ દેશની વિકાસકૂચમાં નર અને નારી સાથે ખભેખલા મિલાવી આગળ વધે એ જ શુભેચ્છા! જય માતાજી!



એ.એફ.એસ. સંસ્થા દ્વારા ગાંધીનગર ચેપ્ટરના સભ્યોએ સમર્પણ મુક બધીર શાળા, સે. ૨૮ ખાતે બાળકો સાથે નૃત્ય, ગરબા સાથે પુરૂ મનોરંજન પુરૂ પાડ્યું હતું. સૌ કોઈ ઉત્સાહમાં ઝુમી ઉઠ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા ખાતે સત્રાંત દિવસ અને વાલી સંમેલનની ઉજવણી

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા ખાતે સત્રાંત દિવસ ૧૨ એન્લિ, શનિવારના દિવસે ઉજવાયો હતો. આ દિવસે ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ અને વાલી સંમેલનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

સત્રાંત દિવસની ઉજવણી કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે કુલસચિવ રાજેન્દ્રભાઈ ખીમાણી અને અતિથિવિશેષ તરીકે આચાર્ય કનુભાઈ નાયક અને વરસંગ ભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના સંયોજક કનૈયાલાલ નાયકે મહેમાનોનું સ્વાગત કર્યું હતું અને સંસ્થાનો પરિચય આપ્યો હતો. ધ્વનિલ પારેખે સમગ્ર વર્ષ દરમ્યાન થયેલી -વૃત્તિઓનો વિગતે



અહેવાલ રજૂ કર્યો હતો. આ કાર્યક્રમમાં વર્ષ દરમ્યાન વિવિધ સિદ્ધિઓ મેળવવા બદલ વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ઈનામો આપવામાં આવ્યાં હતાં.

વિદ્યાર્થીઓએ પોતાના -તિભાવમાં સંસ્થાએ કરેલા ઘડતર -ત્યે આનંદ વ્યક્ત કર્યો હતો. વાલીઓએ પણ પોતાના સંતાન વિદ્યાપીઠમાં અભ્યાસ કરે છે એ બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. આચાર્ય શ્રી કનુભાઈ નાયકે સંસ્થાની -વૃત્તિ બિરદાવીને વાલીઓને તેમના સંતાનોને આ સંસ્થામાં મૂકવા બદલ અભિનંદન આપ્યા હતા. કુલસચિવ રાજેન્દ્રભાઈએ હવે પછીની વિદ્યાપીઠની -વૃત્તિ વિશે વિગતો આપીને વિદ્યાર્થીઓને વધુ સહાયરૂપ કઈ રીતે થઈ શકાય એનો ખ્યાલ આપ્યો હતો.

આ વાલી સંમેલનમાં ગુજરાતના વિવિધ -ંતોમાંથી ૧૭૦ જેટલા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે મોતી દેવુએ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિવ્યેશ ભટ્ટે કર્યું હતું.

## હરિની દૃષ્ટિ...




*પીડા ન થાય અને તમારી પાંસળી જોડાઈ જાય તેનો એક માત્ર ઉપાય છે... તેને ફોટોશોપ દ્વારા જોડી દઉં... !!*

## સે-૨૮ વસંતકુંવરબા સ્કુલમાં સમર કેમ્પ

ગાંધીનગર, તા.૧૫

કેન્દ્ર સરકારના રાષ્ટ્રીય બાલભવન દિલ્લી સંલગ્ન વસંતકુંવરબા બાલ ભવન સેકટર-૨૮ ખાતે તા. ૨૨ એપ્રિલથી તા ૧૨ મે દરમિયાન બાલભવન સમર કેમ્પ યોજવામાં આવશે. સમર કેમ્પમાં યોગાસન, વેસ્ટર્ન ડાન્સ, ફોક ડાન્સ, કંઠય સંગીત, કોમ્પ્યુટર, ડ્રોઈંગ, કેલીગ્રાફી, સ્કેટીંગ, કાર્ડ મેકીંગ, ગ્લાસ પેઈન્ટીંગ, કરાટે, જુડો, પર્સનાલીટી ડેવલપમેન્ટ, સ્કાય-માર્શલ આર્ટ, કીક બોકસીંગ અને મહેંદી સહિતની વિવિધ પ્રવૃત્તિ શીખવાડવામાં આવશે. ૨૧ દિવસીય સમર કેમ્પમાં તાલિમ માટે દરરોજ ૧ કલાકનો સમયગાળો રહેશે અને તાલીમને અંતે તાલીમાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે. સમર કેમ્પમાં જોડાવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ વસંતકુંવરબા સ્કુલ સેકટર-૨૮ ફોન ૨૩૨૧૦૪૭૭, ૯૯૦૯૦૧૧૨૯૭ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# ડૉ. આંબેડકર જીવનકવન પર વક્તૃત્વ સ્પર્ધા અને કવિ સંમેલન યોજાયું

## વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૧૫

શહેરમાં ડૉ. બાબાસાહેબની જન્મ જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આંબેડકર જયંતિ સમિતિ દ્વારા વક્તૃત્વ સ્પર્ધા અને પરિસંવાદ, કવિ સંમેલન યોજવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

શહેરમાંપ્રેરણાભૂમિ ખાતેસમિતિ દ્વારા સવારે૯.૦૦ વાગેપુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. બાબાસાહેબ પર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ૨૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં ૧૪ વિદ્યાર્થિનીઓની સંખ્યા હતી. સ્પર્ધા બે વિભાગમાં યોજવામાં આવી હતી.

વિભાગ-૧મા યશસ્વી સિંઘવે અંગ્રેજી વિષયમાં વક્તવ્ય આપ્યુ હતુ. સ્પર્ધામાં પ્રથમ ક્રમે હર્ષ ભટ્ટ, દ્વિતિય ક્રમે યશસ્વી સિંઘવ, તૃતીય ક્રમે દિપ પરમાર આવ્યા હતા. તેમજ વિભાગ-૨મા પાયલ પરમાર પ્રથમ, મિમાક્ષી મકવાણા દ્વિતીય અને સોનલ પરમાર અને રાહુલ સોલંકી સંયુક્ત રીતે તૃતીય સ્થાન મેળવ્યુ હતુ.

તેમજ સમિતિ દ્વારા સેક્ટર-૬ ખાતે આવેલ સંત રોહિતદાસ મંદિરના હોલમાં બાબાસાહેબ પર પરિસંવાદ અને કવિ સંમેલન યોજાયુ હતુ. મુખ્ય વક્તા તરીકે આંબેડકરી ચિંતક ચંદુ મહેરિયા અને દલિત વાર્તાકાર બી. કેશર શિવમે આંબેડકરના જીવન કવન પર વક્તવ્ય પુરૂ પાડ્યું હતું.

બીજા સત્રમાં સમિતિએ કાવ્ય સંમેલન યોજાયું હતું. તળપદી ભાષામાં દલિત કવિતાઓ માટે જાણીતા પુરૂષોત્તમ જાદવે લોકપ્રિય બાબાના ભૈ કામ બોલસ, હુનહિ આખુ ગામ બોલસા શામની ભેગા રામ બોલસ, કવિતા રજુ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમજ રમણભાઈ વાઘેલા, કાન્તીભાઈ પરમાર, કવિ મુલાંકી સહિતના કવિઓએ પોતાની આગવી અદાથી શ્રોતાઓ સમક્ષ રજૂ કરી હતી. કાર્યક્રમનું સફળ સંચાલનની દોરી ગુજરાત વિદ્યાપીઠના પ્રોફેસર મહેશ જાદવે પકડી હતી. આભારવિધિ ઉપ પ્રમુખ ભરતસિંઘ ચૌધરી દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં કવિઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો.

## ૧૦, ૧૨ના પુસ્તકનું ૨૦મી એપ્રિલથી વેચાણ શરૂ કરાશે

અત્યારે દેશભરમાં ચૂંટણીનો ફિવર છવાયેલ છે, ત્યારે શિક્ષણ જગત પણ તેની અસરમાંથી બાકાત નથી. આ ચૂંટણીને ધ્યાનમાં રાખી પાઠ્યપુસ્તક મંડળે અગાઉ પુસ્તક ડેપો મોડા ખોલવાની જાહેરાત કરી હતી. જો કે તેનો મોટાપાયે વિરોધ થતાં અંતે વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક સમયસર મળી રહે તે માટે હવે ચૂંટણી પહેલા જ પુસ્તક ડેપો ખોલવાની જાહેરાત કરી છે. જે મુજબથી ૨૦મી એપ્રિલથી વિદ્યાર્થીઓ આ પુસ્તક ડેપો પરથી ધોરણ-૧૦ અને ૧૨ના પાઠ્યપુસ્તકો મેળવી શકશે. ચૂંટણીની આચારસંહિતાના પગલે અત્યારે મોટાભાગના સરકારી કર્મચારીઓ ચૂંટણીના કામોમાં વ્યસ્ત બન્યા છે. જેના કારણે શિક્ષણ સહિતનાં તમામ સરકાર કામકાજો ખોરંભે ચડ્યા છે. બીજી બાજુ વિદ્યાર્થીઓના ભણતર ઉપર પણ ચૂંટણીની અસર સ્પષ્ટ વર્તાઈ રહી છે. શાળાઓમાં ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા પૂર્ણ થઈ ચુકી છે પરંતુ, ટ્યુશન કલાસીસોમાં વેકેશન બેંચ શરૂ થવામાં મોડું થઈ રહ્યું છે.

# ઉત્તરવહી ગુમની ઘટનાને ૧૩ દિવસ છતાં તપાસ ખુબ ધીમી

અમદાવાદ, તા.૧૫

ધોરણ-૧૨ કોમર્સની સંસ્કૃત વિષયની ૩૯ ઉત્તરવહીઓ રસ્તે રઝળતી મળી આવ્યાની ઘટનાને ૧૩ દિવસનો સમય વીતી ગયો છે. તેમ છતાં વિદ્યાર્થીઓની કારકિર્દી સાથે ચેડા કરનાર સામે બોર્ડના પરીક્ષા સચિવ તથા તપાસ અધિકારી ઘટના સ્થળે ગયા વગર માત્ર ગાંધીનગરની બોર્ડની એ.સી. ચેમ્બરમાં બેસીને કાગળ પર તપાસ કરી રહ્યા છે. તો બીજી બાજુ આવી ગંભીર બેદરકારી-નિષ્કાળજી દાખવનારા બોર્ડના પટાવાળા તેમજ પોલીસ કર્મચારી સામે કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા નથી, ત્યારે ગાંધીનગરની એસી કેબિનમાં બેઠા બેઠા આ ઘટનાની તપાસ કઈ રીતે શક્ય બનશે તેવા અનેક પ્રશ્નો રાજ્યભરના વિદ્યાર્થી-વાલીઓ તેમજ શિક્ષણવિદોને સતાવી રહ્યા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ૨જી એપ્રિલના રોજ ધોરણ-૧૨ કોમર્સની સંસ્કૃત વિષયની ૩૯ ઉત્તરવહીઓ રસ્તે રઝળતી મળતાં જ શિક્ષણ જગતમાં ભારે ચકચાર મચી ગઈ છે. ઘટનાની ગંભીરતા અને ચારે બાજુથી શિક્ષણ બોર્ડ પર દબાણ વધતા જ બોર્ડના ચેરમેન આર.આર. વરસાણીએ સમગ્ર પ્રકરણની તપાસ બોર્ડના પરીક્ષા સચિવ જી.ડી. પટેલને સોંપીને વહેલી તકે રીપોર્ટ સોંપવાની સુચના આપી હતી. બોર્ડના ચેરમેનની સ્પષ્ટ સુચના બાદ તપાસ અધિકારી જી.ડી. પટેલ રસ્તે રઝળતી મળી આવેલી ૩૯ ઉત્તરવહીઓનો કબજો લેવા માટે ગાંધીનગરથી વડોદરા આવ્યા હતા. ઉત્રતવહીઓનો કબજો લીધા બાદ તેમણે હાલાલોના મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્ર એમ.એસ. હાઈસ્કુલ ખાતે સંસ્કૃત વિષયની ૮૩ ઉત્તરવહીઓના થેલાની પ્રાથમિક ચકાસણી કરી હતી. પ્રાથમિક ચકાસણીમાં જ ઉત્તરવહીના ત્રણ થેલા સાથે ચેડા થયેલું સ્પષ્ટ બહાર આવ્યા છતાં પણ તેમણે ત્રણ ઉત્તરવહીઓના થેલાની ઝીણવટભરી તપાસ શરૂ કરવા તેમજ ઉત્તરવહી લાવનાર મીની બસના ડ્રાઈવર, બોર્ડના પટાવાળા સ્નેહલ વાણીયા તેમજ ત્રણ પોલીસ કર્મચારીઓની ઉલટતપાસ કરવાની સાથે તમામને સાથે રાખીને ઘટના સ્થળે લઈ જઈને ઉત્તરવહીઓ કેવી રીતે મીની બસમાંથી પડી ગઈ ? કેવી રીતે રસ્તે રઝળતી થઈ ? મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્ર ખાતે કેમ જાણ ન કરી ? જેવા તપાસનાં અનેક પાસા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાનું ટાળીને ૩૯ ઉત્તરવહીઓનો કબજો લઈને ગાંધીનગર પહોંચી ગયા હતા. ત્યારે આજે આ ઘટનાને ૧૩ દિવસ બાદ પણ તેમણે આ ઘટનાના સંદર્ભમાં ઘટના સ્થળની મુલાકાત પણ લેવાની તસ્દી જ લીધી નથી. ઉત્તરવહી ગુમ થવાના મામલામાં તર્કવિતર્ક ચાલી રહ્યા છે.

# કેટલાક મજદૂરોનો હૃદય કંપાવતો ભૂખ હડતાળનો વિશ્વવિક્રમ...

## વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

પોતાના હક્ક માટે ઉત્તરપ્રદેશની એલ્ગિન મિલના કર્મચારીઓ ૩૯૧૬ દિવસની (ક્રમિક) ઉપવાસ પર છે, જે એક વિશ્વ રેકોર્ડ છે. (હજી આ ઘટનાને ગિનિશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ સ્થાન મળ્યું નથી) છતાં કોઇ નેતા કે અધિકારીને ઉપવાસનાં સ્થાને જવાની ઇચ્છા થઇ નથી એટલું નહીં તેમની સાથે વાતચીત કરવાનો પ્રયત્ન થયો નથી.

એલ્ગિનની મિલો ૩૦ જૂન, ૨૦૦૧ થી બંધ છે. ૧૫ મેં, ૨૦૦૩ થી કાનપુર ટ્રેડ યુનિયન કાઉન્સિલનાં મંત્રી મુહમ્મદ પોતાના સાથી ઋષિકાન્ત તિવારી અને અન્ય મજદૂરો સાથે વી.આર.એસ. અને બાકી નિકળતી રકમની માંગણી માટે ઉપવાસ પર બેઠા છે. તેમાંથી ઋષિકાન્ત તિવારીનું તો મૃત્યુ થઇ ચુક્યું છે. ૨૦૦૪માં કેન્દ્રિય કોલસા મંત્રી જયપ્રકાશ જયસ્વાલે છ મહિનામાં મિલને પુનઃ ચલાવવાનો વાયદો આપ્યો હતો પણ, પરિણામ આજ સુધી મળ્યું નથી. આસપાસનાં મજદૂરો પણ આ તપશ્ચર્યામાં સાથ આપવા આવતા રહે છે. એલ્ગિન કુલ બે મિલની જમીનની કિંમત લગભગ રૂપિયા ૧૨૦૦ કરોડ થવા જાય છે. જયારે મિલ ચલાવવા માટે રૂા. ૧૮૭ કરોડની અવશ્યકતા છે. મજદૂરોને આપવાનં ૮.૫ કરોડ બાકી છે. આ મિલોમાં ૨૦ હજાર સ્થાયી અને ૧૮૦૦ અસ્થાયી મજદૂરોને પોતાનો બાકી નિકળતી રકમનો કોઇ જવાબ આપનાર નથી.

આપણને કદાચ ભૂખ અને તરસની કિંમત નથી. પરિવારમાં જયારે એક બાળક ભોજન માટે રૂદન કરે ત્યારે મા-બાપ પોતાનું સર્વસ્વ દાવ પર લગાવવા તૈયાર થઇ જાય છે. પછી સર્જાય જન્મે છે (કહેવાતા) ગુનાઓની લાંબી હરોળ...

આનાથી જુદી એક ઘટના તિરૂપતિ મંદિર સાથે જોડાયેલી છે. જેમાં શ્રદ્ધાળુઓ ઉપર સર્વિસ ટેક્સ ઝીંકી દેવા અંગેનો છે. ભલું થજો સુપ્રિમ કોર્ટનું કે તે વચ્ચે પડી અને રાજકારણીઓની ખોરી દાનતને પારખી જઇ સર્વિસટેક્સ ઉપર રોક લગાવી દીધો. વાત એમ છે કે રાજકીય કિન્નાખોરો સમજે છે કે આપણે રૂપિયા તો ક્યાંકથી મેળવતાં રહેવા પડશે. આથી સતત રૂપિયાનો પ્રવાહ મેળવવાનું ચાલુ રાખવું હોય તો એના આર્થિક પ્રવાહો શોધી કાઢવા જોઇએ કે જે રોજે રોજ વધતાં રહે અને ધન મળતું રહે. જેમ પેટ્રોલ કે ગેસની કિંમત વધારવાથી દૈનિક આવકમાં વધારો થયા કરે. એ જ રીતે મંદિરમાં પણ શ્રદ્ધાળુઓનો પ્રવાહ સતત આવતો જ રહેવાનો છે અને તિરૂપતિ મંદિરની શાખ પણ સારી છે. ત્યાં જતાં દર્શનાર્થીઓ પણ પ્રમાણમાં ધનવાન અને દાનનો પ્રવાહ વહેવાડનારા હોય છે. આથી મંદિરની રહેવા - જમવાની સેવાઓ ઉપર સરકારે સર્વિસ ટેક્સ લગાવવાની પેરવી કરી નાખી. પરંતુ સુપ્રિમ કોર્ટે તિરુમલા તિરૂપતિ દેવસ્થાનમ્ તરફથી દાખલ યાચિકા પર કેન્દ્ર સરકારને નોટીસ ફટકારી. આ સંબધે જસ્ટિસ એ.કે. પટનાયક અને એફ.એમ. આઇ કલીફુલ્લાની બેંચે કેન્દ્ર સરકારને જવાબ દાખલ કરવાનું કહ્યું છે. યાચિકામાં ટ્રસ્ટે વિત્તાધિનિયમના એ પ્રાવધાનને દૂર કરવાની માંગણી કરી જેમાં શ્રદ્ધાળુઓની રહેવાની અને જમવાની વ્યવસ્થા ઉપર કર લગાવવાની સ્વીકૃતિ આપવામાં આવી છે. ટ્રસ્ટના કહેવા મુજબ મંદિર સંલગ્ન સેવાઓમાંથી કરવેરો લેવા એ સંવિધાનનાં અનુચ્છેદ ૨૬, ૨૬ અને ૧૪ નો ઉલ્લંઘન છે. યાચિકામાં વિત્ત અધિનિયમ ૧૯૯૪ની ધારા ૬૫(૧૦૫) અને ધારા ૬૬ બી ની સત્યતા બાબતે ચુનૌતી આપવામાં આવી છે. ભારતમાં બહુમતિ હિન્દુ પ્રજા પાસેથી લગભગ બધી રીતે જ સરકારો જાતનાં કરવેરાં ઉઘરાવતી રહે છે. એમાં ધર્મસ્થાનોને પણ બાકી રાખવામાં નથી આવતા. સરકારને ગમતા લોકોને લાભ આપવા તે ગમે તેવા નુસ્ખા શોધી કાઢે છે. બહુમતિએ પોતાનું ઘર જાતે ચલાવવાનું અને વોટ બેંકમાં ઝૂંડ માટે સરકારે પૈસાનું ઉઘરાણું કરતાં રહેવાનું ચાલું રાખે છે.

ચૂંટણીના બ્યુગલો અને નારાઓ વચ્ચે આપણા દેશમાં અતિ ગરીબ અને કશું ન કહી શકનારા બાંધવોની સાચી અને દુર્દશાયુક્ત સ્થિતિ વિશે કેટલાં નેતાઓ જાણતા હશે? આજની દિનાંકે કેટલા નેતાએ એવા હશે જે ખરેખર દેશની ૩૦ ટકા જેટલી ગરીબ પ્રજા વિશે જાણવા ઉત્સુક હશે? જેઓને બે સમયનું ભોજન પણ સુલભ નથી. જે રીતે ધનવાનોનો યાદી પ્રકાશિત થતી રહે છે, રમતગમતનાં વિક્રમો લોકોને મોઢે હોય છે, પણ ઘણાને ગરીબી અંગેના સૂચકાંકો પણ ધ્યાનમાં રહેતા નથી!

કેટલાક રાજયો પોતાનો વિકાસ પોતાની શક્તિ પ્રમાણે કરતા રહે છે. સિક્કિમે ૯ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ 'નિર્મલ ભારત અભિયાન' અંતર્ગત સંપૂર્ણ સ્વચ્છતા પ્રાપ્ત કરનાર ભારતનું પ્રતમ રાજય બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. સિક્કીમે ગ્રામિણ અને શહેરી પરિવારો, શાળા પરિવારો અને આંગણવાડી કેન્દ્રોમાં ૧૦૦% સ્વચ્યતા મેળવી લીધી છે. પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા બહાર પાડેલ યાદી અનુસાર સિક્કીમનાં તમામ ૬૧૦૫૭૭ નિવાસીઓનાં ઘરમાં સ્વચ્છતાની સાથે શૌચાલય પણ છે. આ ઉપલબ્ધિ વર્ષ ૧૯૯૯ થી શરૂ થયેલ પહેલેથી શક્ય બન્યુ છે. રાજયમાં મુખ્યમંત્રી પવનકુમારે રાજયનાં ચાર જિલ્લાઓમાં આ કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. ગામડાઓમાં થતી બેઠકોમાં સ્વચ્છતાને પ્રથમ મુદ્દો બનાવવામાં આવેલ. ૧૫૩ ગ્રામ પંચાયતોને 'નિર્મલ ગ્રામ પુરસ્કાર આપવામાં આવેલ છે. યોજના આયોગ દ્વારા ૨૦ ગ્રામ પંચાયતોમાં કરવામાં આવેલ સર્વે અનુસાર, સિક્કીમના ૧૭ ગ્રામ પરિષદોને' સર્વશ્રેષ્ઠ પ્રદર્શન પંચાયત નાં સ્વરૂપે જાહેર કરવામાં આવી છે, જે દેશમાં સૌથી વધુ છે.

અને છેલ્લે આપણને મળનાર એક ભેટની વાત કરી લઇએ. સંસદમાં માહિતી આપવામાં આવી હતી કે રૂ. ૧૦ ની એક અબજ પ્લાસ્ટિકની નોટ આ વર્ષનાં બીજા છ મહિનાના ગાળામાં પાંચ શહેરોમાં નમૂના તરીકે આવનાર છે. જે શહેરોમાં કોચી, મેસૂર, જયપુર, સિમલા તથા ભુવનેશ્વરનો સમાવેશ થાય છે. આ પ્લાસ્ટિકની નોટનું સરેરાશ આયુષ્ય પાંચ વર્ષનું સ્વીકારાયું છે. કાગળની નોટ કરતાં પ્લાસ્ટિકની નોટ વધુ સ્પષ્ટ દેખાશે. પ્લાસ્ટિકની નોટ સૌ પ્રથમ ઓસ્ટ્રેલિયામાં શરૂ થઇ હતી. બનાવટી નોટો સામે રક્ષણ માટે આ હિલચાલ હાથ ધરવામાં આવી છે. વર્ષ ૨૦૧૩માં ૩૩૩ લાક કરોડની બનાવટી નોટો કબજે કરવામાં આવી હતી. જેની કિંમત ૧૭.૬૪ કરોડની છે. સુરક્ષાના પાસાઓને ધ્યાનમાં લઇનો નોટોમાં સુધારા કરવામાં આવ્યા હોય છે. ગેરકાયદે પ્રવૃત્તિને રોકવા માટે નાણાં મંત્રાલય, ગૃહમંત્રાલય, આરબીઆઇ તથા અન્ય સંબંધિત સંસ્થાઓ સક્રિય છે. બનાવટી નોટ ઘુસાડવાના પ્રયાસ પાકિસ્તાન દ્વારા પણ કરવામાં આવી ચૂક્યાં છે.

દેશનાં નાગરિક તરીકે દેશની સરહદો, આર્થિક વ્યવસ્થા અને સુરક્ષા બાબતે બધાને જાગૃત રહીને સાથે મળીને કામ કરતાં રહેવું એ આજની તાતી જરૂરિયાત છે.